# PRIMA PLASTICS LIMITED

MFRS. OF : MOULDED FURNITURE
GOVT. RECOG. EXPORT HOUSE
CIN : L25206DD1993PLC001470

Corp. Office : 41, National House, Saki-Vihar Road, Powai, Andheri (E), Mumbai - 400 072. (India)
Tel.: 0091-022-2857 4768 / 69 / 1791 • ***Fax :*** 0091-022-2857 2859
***E-mail :*** investor@primaplastics.com • ***Website :*** www.primaplastics.com


August 9, 2021

BSE Limited
Listing Centre
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street,
Mumbai – 400001

Scrip Code – 530589

**Sub: Newspaper advertisement**

Dear Sir

We enclose herewith the copies of the newspaper advertisements published for intimating that the 27th Annual General Meeting of the Company will be held on Tuesday, September 7, 2021 at 4.00 P.M. IST through Video Conferencing / Other Audio Visual Means.

The advertisements appeared in Financial Express (Mumbai Page 16) and Vartman Pravah (Daman Page 7).

This newspaper publication will also be made available on the Company's website.

This is for your information and records.

Thanking you,

**For Prima Plastics Limited**

VANDANA
SATISH AHUJA

Digitally signed by VANDANA SATISH AHUJA
DN: c=IN, o=Personal,
2.5.4.20=11353d091f5deb9b794e461925c8d2390aaf40c14943ffda520ff1e2150b30d6, postalCode=400603,
st=MAHARASHTRA,
serialNumber=208c898e6cff5db9c273393f8c784afc6c82f8d074fca7f6f9dae17a77b57086, cn=VANDANA SATISH AHUJA
Date: 2021.08.09 11:09:32 +05'30'

**Vandana Ahuja**
**Company Secretary & Compliance Officer**
**Membership No: A57118**

Encl: A/a

# કપરાડા ભાઠેરી ગામે બે સંતાનની માતા સાથે દુષ્કર્મ આચરનાર વિરૂધ્ધ નાનાપોંઢા પોલીસે ફરિયાદ જ નહીં લીધી

## હતાશ પરિવાર સામુહિક આત્મવિલોપન કરવાની કગાર પર : પીડિતાની એસ.પી. સુધી રાવ છતાં પરિણામ શૂન્ય

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

કપરાડાના અંતરિયાળ ગરીબ આદિવાસી પરિવારોને કાયદા કે સરકારની કોઈ સુવિધા નસીબે લખાયેલી નથી. કંઈક તેવી જ ઘટના ભાઠેરી ગામે ઘટી છે. બે સંતાનોની માતા સાથે દુષ્કર્મ આચરનાર વિરૂધ્ધ નાનાપોંઢા પોલીસને ફરિયાદ નોંધવાની ન્યાય અપાવાની ફુરસદ જ નથી તેવો ભોગ બનનાર પરિવારે આક્ષેપ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર કપરાડાના ભાઠેરી ગામે રહેતી બે પુત્રીઓની માતા રંજન(નામ બદલ્યુ છે) સાથે સસરાના ભાઈના પુત્ર મુકેશ બાબુ ખરપડીયા જબરજસ્તીથી રંજન સાથે વારંવાર દુષ્કર્મ કરતો રહેલો તેમજ ફરિયાદ કરીશ તો તારા પતિ અને સસરાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો રહેલો.

ગભરાયેલ રંજન ગરીબી અને બેસહારાની સ્થિતિ વચ્ચે શમશમીને પણ ચૂપ રહી, તેમ છતાં પતિનો સહકાર મળતા અંતે ગત તા.૨૮-૦૬-૨૦૨૧ના રંજન પતિ સાથે કપરાડા પોલીસમાં ફરિયાદ નોંધાવા ગયેલી. પરંતુ ચાર-છ કલાક બેસાડી રાખીને પોલીસે હડધૂત કરી બન્નેને હાંકી કાઢેલા.

બીજા દિવસે એસ.પી. કચેરી પહોંચેલા. ત્યાંથી પણ ન્યાય નહીં મળતા અંતે હતાશ, નિરાધાર બનેલ દંપતિએ બે પુત્રીઓ સાથે આત્મવિલોપન કરવાની ચિમકી ઉચ્ચારી છે. પિડીતાના આક્ષેપ મુજબ આરોપી મોટી લાગવગ ધરાવે છે. પોલીસ મારુ કંઈ બગાડી નહી શકે, તારે જે કરવું તે કર તેવી ધમકીઓ આજે પણ આપી રહ્યો છે.

# વલસાડ ખાતે યોજાયેલ શહેરીજન સુખાકારી કાર્યક્રમમાં વાપી પાલિકાને રૂા.૨.૫ કરોડનો ચેક મળ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વલસાડમાં મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં આજે રવિવારે શહેરીજન સુખાકારી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વાપી નગરપાલિકાને ૨.૫ કરોડનો ચેક સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૨૧-૨૨ ગ્રાન્ટ યોજના હેઠળ મળ્યો હતો.

કાર્યક્રમમાં વાપી નગરપાલિકા તરફથી પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ચીફ ઓફિસર શ્રી દર્પણ ઓઝા, વાપી ભાજપ પ્રમુખ અને વોટર કમીટી ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ તેમજ પાલિકા ઉપપ્રમુખ શ્રીમતી મુકુંદાબેન પટેલ, કોર્પોરેટર નસીમાબેન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા તેમજ ચેકનો સ્વિકાર કર્યો હતો.

# સુરત રેન્જ દ્વારા બૂટલેગરો ઉપર કસાયો ગાળિયો

## વિદેશી દારૂ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલની રેડ વધતાં સુરત રેન્જ આઇ.જી. દ્વારા સુરત વિભાગના પાંચ જિલ્લામાં ક્રોસ રેડની સૂચનાથી પોલીસકર્મીઓ એલર્ટ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

વિદેશી દારૂ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલની રેડ વધતાં સુરત રેન્જ આઇ.જી. દ્વારા સુરત વિભાગના પાંચ જિલ્લામાં ક્રોસ રેડની સૂચનાથી પોલીસકર્મીઓ એલર્ટ થઈ જવા પામી છે.

સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં નિયોલ ગામે ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાંથી અંદાજિત રૂા.૨૩.૪૧ લાખનો વિદેશી દારૂ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે પકડ્યા બાદ સુરત રેન્જના આઈ.જી. રાજકુમાર પાંડિયને સમગ્ર સુરત રેન્જમાં ક્રોસ રેડ કરવાની સૂચના આપતા રેન્જના પાંચ જિલ્લામાં પોલીસે ક્રોસ રેડ શરૂ કરી છે.જો કે વધતી ગુનાખોરી વચ્ચે દારૂ માટેના નવા નિયમો બાદ પોલીસ બેડામાં નારાજગીનો માહોલ પણ જોવા મળ્યો હતો.

થોડા સમય અગાઉ સુરત જિલ્લાના કડોદરા પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કેયુર ભંડારી અને સની પટેલ નામના બુટલેગરોનો મોટી સંખ્યામાં દારૂ ઝડપી પાડયા બાદ તાજેતરમાં પલસાણા તાલુકાનાં નિયોલ ગામે ટ્રાન્સપોર્ટ નગરમાંથી ગત ૨૮ જુલાઇના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે રૂા.૨૩.૮૧ લાખનો વિદેશી દારૂ પકડી પાડ્યો હતો.

ગાંધીનગરની ટીમે પકડેલા વિદેશી દારૂ બાદ સુરત રેન્જના આઈ.જી. રાજકુમાર પાંડિયન એક્શનમાં આવ્યા હતા. સુરત જિલ્લામાં એક પછી એક સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ રેડ કરતી જાય છે અને સ્થાનિક અધિકારી સસ્પેન્ડ થઈ રહયા છે. આવી પરિસ્થિતિમાં જિલ્લામાં અધિકારીનો અભાવ પડ્યો છે.

બીજી તરફ સુરત રેન્જના આઈ.જી.એ એલસીબી, એસઓજીના કહેવાતા વહીવટદાર ચાર પોલીસ કર્મચારીની ડાંગ બદલી કરી દીધી છે. જેને લઈ પોલીસની કામગીરી પર પણ અસર પડી છે. જિલ્લામાં વધતી ગુનાખોરી વચ્ચે હવે રેન્જ આઈ.જી.એ એક નવો નિયમ જાહેર કર્યો છે.

સમગ્ર સુરત રેન્જમાં આવતા પાંચ જિલ્લામાં હવે દારૂબંધી કરવા માટે ક્રોસ રેડ શરૂ કરવામાં આવી છે. સુરત રેન્જના વલસાડ, નવસારી, સુરત, ડાંગ અને તાપી જિલ્લામાં હાલ હંગામી ટીમ બનાવી આ પાંચ જિલ્લાની પોલીસ સુરત રેન્જ ઓફિસની સૂચના મુજબ સુરત જિલ્લામાં ક્રોસ રેડ કરવા તૈયાર છે.આ ક્રોસ રેડને કારણે પોલીસની કામગીરી પર અસર થઈ રહી છે એ સ્વાભાવિક છે તેમજ દરેક પોલીસ સ્ટેશનના અધિકારીઓ હાલ અસમંજસમાં મુકાયા છે. જો અન્ય જિલ્લાની પોલીસ આવીને ક્વોલિટી કેસ કરી જાય તો સસ્પેન્ડ થવાની શક્યતા રહેલી છે. આવી સ્થિતિમાં અન્ય કામગીરી છોડી પોલીસ દારૂના કેસ શોધવા મેદાનમાં પડી છે.

વધુ મળતી પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાંજ વલસાડ જિલ્લામાં આવેલ ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પો.કો. નીતિન બળદેવ વાઘેલા તેમજ કાળું ગૌતમ ડામરને પણ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રાજદીપ સિંહ ઝાલાના રિપોર્ટનાં આધારે સુરત રેન્જ આઈજી દ્વારા ડી.ઓ.કરી આહવા ડાંગ જિલ્લામાં મોકલી અપાયા છે

# વાપી નાની તંબાડીમાં તાલુકા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું



## પ્રદેશ નેતા અર્જુન મોઢવાડીયાએ સરકારની કામગીરી ઉપર પ્રહારો કર્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં મોંઘવારી સહિત વિવિધ મુદ્દાઓમાં સરકારની નિષ્ફળતા અંગે વિરોધ પ્રદર્શન યોજાઈ રહ્યા છે તે અંતર્ગત વાપી તાલુકા કોંગ્રેસ દ્વારા આજે રવિવારે વાપી નજીક નાની તંબાડી ગામે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓ સહિત જિલ્લાના કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વાપી નજીક નાની તંબાડી ગામે આજે વાપી તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી રમેશભાઈ પટેલ દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડીયા, ગુજરાત કોંગ્રેસ મંત્રી શ્રી નિરજભાઈ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ, મંત્રી શ્રી મિલનભાઈ દેસાઈ સહિત હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં પ્રદેશ કોંગ્રેસ નેતા શ્રી અર્જુન મોઢવાડીયાએ સરકારની નિષ્ફળતા ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે પત્રકારોના જવાબ આપતા જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રભારીની જગ્યા ખાલી છે તે ટુંક સમયમાં ભરાઈ જશે તેમજ વિરોધ પક્ષના નેતા તરીકે શ્રી પરેશભાઈ ધાણાની અને પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી અમિતભાઈ ચાવડા કાર્યરત છે તેમના નેતૃત્વમાં પાર્ટી કામગીરી કરી રહી છે.

# “પ્રભુ મિલનની પળો”નો અનુપમ કાર્યક્રમ

## વેસુ જૈન સંઘમાં સમૂહ સામાયિક આરાધનામાં માનવ મહેરામણ ઉમટ્યો

વેસુ-ફોનિક્ષ ટાવર-વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચન મંડપે સૌપ્રથમવાર પૂ.સાધ્વીજીશ્રી જયપ્રભાશ્રીજી મ.ની ૨૦મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ.સા.શ્રી ઋજુદર્શનાશ્રીજી મ.ની. પ્રેરણાથી પૂ.આ.શ્રી વિજયમુક્તિપ્રભસૂરિજી મ., પૂ.આ.શ્રી વિજયઅક્ષપલદ્રસૂરિજી મ. તથા પૂ.આ.શ્રી વિજયપુણ્યપ્રભસૂરિજી મ. આદિની નિશ્રામાં સુમધુર - ગીત - સંગીતના સથવારે સંગીતકાર શ્રી અમિતભાઈ શાહ (વડોદરા) ના કોકિલ કંઠે “પ્રભુમિલનની પળો”નો અનુપમ કાર્યક્રમ સવારે ૮.૪૫ કલાકે પ્રારંભ થશે.

સુખ કે દુઃખ, શત્રુ કે મિત્ર, માન કે અપમાન, હર્ષ કે શોક, આનંદ કે શોક, જીવન કે મરણ, લાભ કે અલાભ આ દરેક વિરોધી બાબતમાં રાગ-દ્વેષને આધીન થયા વિના આત્માને - મનને - વાણીને અને કાયાને નિયંત્રિત કરી આત્મભાવના સ્થિર રાખવું એ સામાયિક કહેવાય છે

“જેનાથી શાતા-સુખ-સમાધિ અને શાંતિની પ્રાપ્તિ થાય તે સામાયિક છે” સામાયિકથી મન શાંત-સ્થિર, નિર્મળ અને પવિત્ર બને છે “વૈરની ગાંઠનું વિસર્જન અને આત્મિક સ્નેહના સંબંધોનું સર્જન એટલે સામાયિક” ૪૮ મિનિટ માટે દુનિયાના બધા પાપ વ્યાપારમાંથી મુક્તિ મેળી એટલે સામાજિક આવા માર્મિક શબ્દો સુરત શહેરના વેસુ વિસ્તારમાં આવેલા ફોનિક્ષ ટાવર ખાતે ચાતુર્માસસ્થિત આધ્યાત્મિક પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયમુક્તિપ્રભસૂરિજી મ. પૂ. આ. શ્રી વિજયઅક્ષયભદ્રસૂરિજી મ. - પૂ.આ.શ્રી વિજયપુણ્યપ્રભસૂરિજી મ.ની નિશ્રામાં જિનશાસનજયોતિર્ધર જૈનાચાર્યશ્રી વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની ૩૦મી સ્વર્ગારોહણનિમિત્ત આયોજિત પંચ-દિવસીય મહોત્સવના આજના અંતિમ દિને તા.૮ ઓગસ્ટ-રવિવારના સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ના “ચાલો પુણિયા શ્રાવક જેવું સામાયિક કરીએ” વિષય પર જાહેર પ્રવચનમાં જોશીલા પ્રવચનકાર પૂ.પંન્યાસજી શ્રી પુણ્યરક્ષિતવિજયજીએ ઉચ્ચાર્યા હતા. ૧૦૦૮ સમૂહ સામાયિકની ભવ્ય આરાધનામાં સૂરત વેસુ વિસ્તારના શ્રાવક-શ્રાવિકાઓ જોડાતા વિશાળ પ્રવચન મંડપ પણ નાનો પડ્યો હતો. અને ખૂબ જ સારો માહોલ સર્જાયો હતો. આ સમૂહ સામાયિકનું આયોજન સુરત શહેરમાં અનુમોદના પાત્ર બની ગયું. આગામી તા.૧૫ ઓગસ્ટે “કહું છું શંખેશ્વરની વાર્તા” વિષય પર જાહેર પ્રવચન થશે.

# ડોક્ટરોની હડતાળ યથાવત્, દર્દીઓ હેરાન-પરેશાન

## ડોક્ટર-સરકાર આમને-સામનેઃ કોરોના વોરિયરનું સર્ટિફિકેટ પાછું આપવાની ચિમકી


(જી.એન.એસ.) **અમદાવાદ,તા.૮**

રાજયના ૨૦૦૦ જેટલા જુનિયર ડોકટર કેટલીક માંગણીઓ સાથે હડતાળ પર ઉતર્યા છે, ત્યારે સિવિલ હોસ્પિટલના પણ જુનિયર ડોકટર ૫ દિવસથી હડતાળ પર છે. આજે હડતાળના પાંચમાં દિવસે ડોક્ટરોએ બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યો હતો. જેમાં અનેક ડોક્ટરોએ બ્લડ ડોનેટ કર્યું હતું. ઉપરાંત ડોક્ટરોએ કહ્યું કે, બપોર સુધી માંગણી પૂરી ના થાય તો કોરોના વોરિયર્સનું સર્ટિફિકેટ પણ સરકારને પરત આપીશું.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ બી.જે મેડિકલ કોલેજમાં જુનિયર ડોકટર પાંચ દિવસથી હડતાળ પર છે. ત્યારે આજે હડતાળના પાંચમાં દિવસે ડોકટર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ડોક્ટરોએ સ્વેચ્છાએ બ્લડ ડોનેશન કર્યું હતું. ડોક્ટરોએ તેમને અપાયેલા મેડલ સર્ટિફિકેટ બપોર સુધી તેમની માંગણીનો સ્વીકાર ના થાય તો પરત આપવાની તૈયારી દર્શાવી છે. જુનિયર ડોકટર ઉમાને જણાવ્યું હતું કે, આજે હડતાળનો ૫મો દિવસ છે. ત્યારે અમે હડતાળ હજુ યથાવત જ રાખવાના છીએ. હડતાળ હોવા છતાં કાલે ઓર્ગન ડોનેશનમાં અમારી જરૂર હતી. હડતાળના સમયે પણ અને કામ કરીને માનવતા દાખવી છે. આજે ૫માં દિવસે બ્લડ ડોનેશન કર્યું હતું. જેમાં અનેક ડોકટરો જોડાયા હતા, આજ બપોર સુધી સરકાર દ્વારા નિવારણ નહી આવે તો અમને અપાયેલ કરુણા વોરિયર્સનું સર્ટિફિકેટ અમે સરકારને પરત આપીશું.

કોવિડની મહામારીમાં દર્દીની ખડેપગે સેવા કરનાર અમદાવાદ સહિત રાજ્યની છ સરકારી મેડિકલ કોલેજોના બે હજારથી વધુ જુનિયર ડોક્ટરો સરકાર સામે લડી લેવાના મૂડમાં છે. જ્યારે બીજી તરફ સરકારે જુનિયર ડોક્ટરોને હોસ્ટેલ ખાલી કરવાના આદેશો જારી કર્યા છે. છતાં જુનિયર ડોક્ટરો હડતાળ યથાવત રાખવા મક્કમ છે. જેથી જુનિયર ડોક્ટરો અને સરકાર આમને સામને આવી ગયા છે. જુનિયર ડોક્ટરોની હડતાળ છતાં સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી-ઓપીડી સહિતની સેવાઓ યથાવત છે, પણ ૪૫ ટકા પ્લાન્ડ સર્જરી રદ કરવાની ફરજ પડી છે. જો કે, હોસ્પિટલતંત્ર દ્વારા સિનિયર ડોક્ટરો(ફેકલ્ટી) ની રાઉન્ડ ધ કલોક ડ્યૂટી ગોઠવાઈ છે.

# વાપીનું નવું નજરાણું : વિશ્વના સૌથી મોટા સૌરવૃક્ષનો બનાવેલો વર્લ્ડ રેકોર્ડ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૮ :** પીડીઈયુ સ્ટાર્ટ અપ ચલા, સ્વામીનારાયણ ગુરૂકુળની બાજુમાં આવેલ ચલા તળાવ પર વિશ્વના સૌથી મોટા સૌરવૃક્ષનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

ગુજરાત રાજ્ય માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી-દ્વારા શહેરી સ્થળોને વધુ આત્મનિર્ભર બનાવવા માટે શહેરની સુખાકારી દિવસોના શુભ પ્રસંગે વાપી ચલા ડબલ્યુટીપી ખાતે સોલાર પ્રોજેક્ટનું ઉદ્દઘાટન કર્યું હતું. વિજળીનો વપરાશ સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સંચાલનમાં વિજળીને બિલને ઘટાડવા મુખ્ય ભૂમિકા ભજવે છે. રાજ્ય સરકાર દ્વારા વિજળીના વપરાશમાં ભચત માટે એટીપી/ડબલ્યુટીપીમાં સોલાર પેનલને ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને પ્રોજેક્ટ અમલમાં મુકવા નોડલ એજન્સી તરીકે જીયુડીસીની નિમણુંક કરવામાં આવી હતી.

આ પ્રોજેક્ટ ટેન્ડર પ્રક્રિયાની પીડીઈયુ સ્ટાર્ટઅપ અમેજીન પાવર ટ્રી. પ્રા.લી.ને ફાળવવામાં આવ્યો હતો. સૌર સ્થાપન માટે ચલા ડબલ્યુટીપીમાં જગ્યાના અભાવે મુખ્ય પડકાર સૌર ક્ષમતા પ્રાપ્ત કરવાનો હતો.

આ કારણોસર નવીન સોલાર પાવર ટ્રી અને વર્ટીકલ સોલાર ડીઝાઈન સ્થાપીત કરવાનું નક્કી કર્યું. આ સોલાર ઉર્જાથી દર વર્ષે ૧.૫ લાખ યુનિટ ઉત્પન થશે અને સ્વચ્છ ઉર્જા આપશે અને વાતાવરણમાંથી ૧.૨૩ લાખ છ્ર ઉત્સર્જન ઘટાડશે. વાપી ચલા તળાવમાં લગાવેલા આ ૧૬ ત્ત્રૂ સોલાર પાવર ટ્રીની સ્થાપના કરીને વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. જેણે સીએસઆઈઆર પશ્ચિમ બંગાળના ૧૧.૫ નો અગાઉનો રેકોર્ડ તોડ્યો હતો.

વાપી ચલા તળાવમાં આવેલ આ સોલાર પાવર ટ્રી પર્યટક સ્થળને વધારે આકર્ષિત બનાવે છે. આ પ્રોજેક્ટ વાપી ચલા તળાવની મુલાકાત લેનાર લાખો લોકોને સોલાર અને તેના ફાયદા વિષે પ્રેરણા આપશે. કંપનીના સીઈઓ શ્રી શનિ પંડ્યાએ જણાવ્યું કે, “આ સૌર પ્રોજેક્ટ શહેરી સ્થાનોને આત્મનિર્ભર બનાવવા માટે ગુજરાતની પ્રતિબધ્ધતાને પ્રકાશિત કરે છે જે આપણા દેશને આત્મનિર્ભર બનાવવા મટે માનનીય પ્રધાનમંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ટ્રસ્ટી સાથે જોડાયેલ છે. હું શેર કરવા માંગુ છું કે, શ્રી હાર્દિક શાહ - સ્વતંત્ર નિર્દેશક જીયુડીસી, શ્રી રાજકુમાર બનેનીવાલ, આઈએએસ, સમગ્ર ઈમેજીન પાવર ટ્રી પ્રા.લી.ના વંશ પંડ્યા, મયંકભાઈ, મીલનભાઈ, વિકાસભાઈ તથા સાઉથ ગુજરાત પાર્ટનર શ્રી અમીતભાઈ ગજેરા, જીયુડીસીના તમામ સ્ટાફ, નગરપાલિકા વાપી સ્ટાફ અને જીરમી ટીમે પ્રોજેક્ટને સ્ફળ અમલ માટે મોટો સહયોગ આપ્યો હતો.


**AUCTION NOTICE**

**ADMINISTRATION OF DNH AND DAMAN & DIU (U.T.),**
**OFFICE OF THE DY. SUPTD. OF POLICE (HQ)**
**DUNETHA, POLICE HEAD QURTERS**
**NANI DAMAN.**

No. Dy.SP(HQ)/DMN/AUCTION/2021/Vehicle/1335 Dated:-02/08/2021

A Public auction of Unclaimed/Muddamal property Two wheelers and Four wheelers (On Scrap Basis) and Honda Shine Reg No. GJ-15-BE-1937 will be held "as is where is basis" on the day of auction dated 17/08/2021 between 10:00 AM to 13:00 PM at the office of Dy. Supdt of Police, (HQ) PHQ, Dunetha, Nani Daman. Interested Parties are requested to please remain present on the day of auction. The unclaimed vehicle/ muddamal property is kept in CPS, Moti Daman, for Public view. For further details, and other terms and condition can be obtained from the office of Dy. Supdt. of Police, (HQ) Daman.

Sd/
Dy.Supdt, of Police (HQ).
Daman.



**પ્રાઇમા પ્લાસ્ટિકસ લિમિટેડ**
(CIN - L25206DD1993PLC001470)
Regd. બંધ: 98 /4, પ્રિમા હાઉસ, દમણ ઇન્ડ. એસ્ટેટ, કડૈયા, નાની દમણ, દમણ (કેન્દ્રશાસિત પ્રદેશ) - 396 210. ટેલ: 0260 - 2220445 ફેક્સ: 0260 - 2221845
ઇ -મેઇલ: investor@primaplastics.com વેબસાઇટ: www.primaplastics.com

**27 "વાર્ષિક સામાન્ય બેઠક**

આથી નોટિસ આપવામાં આવી છે કે 27 "વાર્ષિક સામાન્ય સભા (" AGM ") મંગળવાર, 7 સપ્ટેમ્બર, 2021 ના રોજ સાંજે 4:00 વાગ્યે (IST) વિડીયો કોન્ફરન્સિંગ (" VC ") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ (" OAVM "દ્વારા યોજાશે. ") કંપની એક્ટ, 2013 અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ની તમામ લાગુ જોગવાઈઓના પાલન સાથે સામાન્ય પરિપત્ર નંબર 14/2020, 17/2020, 20/2020 અને 02/2021 તારીખ 8 "એપ્રિલ, 2020, 13 મી એપ્રિલ, 2020, 5 મે, 2020 અને 13 મી જાન્યુઆરી, 2021, અનુક્રમે કોર્પોરેટ બાબતોના મંત્રાલય (" એમસીએ ") અને પરિપત્ર ક્રમાંકો. સેબી/એચઓ/સીએફડી/ સીએમડી 1/સીઆઈઆર/પી/2020/79 અને સેબી/એચઓ/સીએફડી/સીએમડી 2/સીઆઈઆર/પી/2021/11 અનુક્રમે 12 મે, 2020 અને 15 જાન્યુઆરી, 2021, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી ") (સામૂહિક રીતે ત્યારબાદ" પરિપત્ર "તરીકે ઓળખવામાં આવે છે) સામાન્ય સ્થળે સભ્યોની શારીરિક હાજરી વિના, નોટીસમાં જણાવ્યા મુજબ વ્યવસાયનો વ્યવહાર કરવા માટે.

ઉપરોક્ત પરિપત્રોને અનુરૂપ, નાણાકીય વર્ષ 2020-21 માટે એજીએમ અને વાર્ષિક અહેવાલની નોટિસની ઇલેક્ટ્રોનિક નકલો તે સભ્યોને મોકલવામાં આવશે જેમના ઇમેઇલ સરનામાં કંપની અને/અથવા ડિપોઝિટરી સહભાગી (ઓ) ("ડિપોઝિટરી "). સભ્યો VC/ OAVM સુવિધા મારફતે જ AGM માં જોડાઈ શકે છે અને ભાગ લઈ શકે છે. AGM માં જોડાવા માટેની સૂચનાઓ AGM ની સૂચનામાં આપવામાં આવશે. VC/ OAVM સુવિધા મારફતે ઉપસ્થિત સભ્યો ગણતરીના હેતુ માટે ગણવામાં આવશે. કંપની એક્ટ, 2013 ની કલમ 103 હેઠળ કોરમ.

એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલ 2020-21 કંપનીની વેબસાઇટ, એટલે કે, https://www.primaplastics.com/annual-report.php, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ, એટલે કે બીએસઇ પર પણ ઉપલબ્ધ રહેશે. www.bseindia.com પર મર્યાદિત છે, અને www.evotingindia.com પર સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડની વેબસાઇટ પર

કંપની એજીએમની નોટિસમાં નિર્ધારિત તમામ ઠરાવો પર પોતાનો મત આપવા માટે તેના તમામ સભ્યોને રિમોટ ઇ-વોટિંગ સુવિધા ("રિમોટ ઇ-વોટિંગ ') પૂરી પાડે છે. વધુમાં, કંપની ઇ- એજીએમ ("ઇ-વોટિંગ ') દરમિયાન મતદાન પદ્ધતિ

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપની / રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") સાથે તેમના ઇમેઇલ સરનામાં નોંધાવ્યા નથી, તેઓ VG દ્વારા AGM માં જોડાવા માટે AGM, વાર્ષિક અહેવાલ અને / અથવા લોગિન કરી વિગતો મેળવી શકે છે. / OAVM સુવિધા ઇ-વોટિંગ સહિત, નીચેના દસ્તાવેજોની સ્કેન કરેલી નકલ ઇમેઇલ દ્વારા investor@bigshareonline.com પર ઇમેઇલ સરનામે investor@primaplastics.com પર ચિહ્નિત થયેલ નકલ સાથે મોકલીને:

a. તમારું નામ, ફોલિયો નંબર અને સંપૂર્ણ સરનામું દર્શાવતા સહી કરેલ વિનંતી પત્ર;
બી. પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ; અને
c. કંપનીમાં નોંધાયેલા સભ્યના સરનામાના આધારમાં આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ.

ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોને તેમના ડિપોઝિટરી સાથે તેમના ઇમેઇલ સરનામાં અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.

સભ્યો નોંધ લે કે બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 27 મે, 2021 ના રોજ તેમની બેઠકમાં રૂ. 1.50 ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. પ્રતિ શેર. અંતિમ ડિવિડન્ડના હેતુ માટેની રેકોર્ડ તારીખ 31 ઓગસ્ટ, 2021 છે. જે તે શેર ધારકોએ વિવિધ ઓનલાઇન ટ્રાન્સફર મોડ દ્વારા ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા ઇલેટ્રોનિક રીતે તેમના બેન્ક ખાતાની વિગતો અપડેટ કરી હશે તેમને અગામી AGM માં શેર હોલ્ડરો દ્વારા એક વાર મંજુર કરાયેલ અંતિમ ડિવિડન્ડ મંજુરીની તારીખ થી 30 દિવસની અંદર ચુકવણી કરવામાં આવશે. શેરધારકો કે જેમણે તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરી નથી, તેમના ડિવિડન્ડ વોરંટ / ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેક તેમના રજિસ્ટર્ડ સરનામાં પર મોકલવામાં આવશે. ડિવિડન્ડ મેળવવામાં વિલંબ ન થાય તે માટે, શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના કેવાયસીને તેમની ડિપોઝિટરીઝ (જ્યાં શેર ડીમેટ સ્વરૂપે રાખવામાં આવે છે) અને આરટીએ (જ્યાં શેર ફિઝિકલ મોડમાં રાખવામાં આવે છે) સાથે સીધા તેમના બેંક ખાતામાં ડિવિડન્ડ મેળવવા માટે અપડેટ કરે.

શેરહોલ્ડરોને એવી પણ જાણ કરવામાં આવે છે કે આવકવેરા અધિનિયમ, 1961 ની જોગવાઈની દ્રષ્ટિએ, કંપની દ્વારા ચૂકવવામાં અને વહેંચાયેલ ડિવિડન્ડ શેરધારકોના હાથમાં કરપાત્ર રહેશે. આ સંદર્ભમાં સંદેશાવ્યવહાર શેરધારકોને ઇમેઇલ દ્વારા મોકલવામાં આવ્યો છે અને કંપનીની વેબસાઇટ અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે.

એજીએમ અને ડિવિડન્ડના ઉદ્દેશથી સભ્યોની નોંધણી અને કંપનીના શેર ટ્રાન્સફર બુક્સ ૧લી સપ્ટેમ્બર ૨૦૨૧ના બુધવારથી ૭મી સપ્ટેમ્બર ૨૦૨૧ મંગળવાર (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

ઉપરોક્ત માહિતી કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવી રહી છે

પ્રાઇમા પ્લાસ્ટિકસ લિમિટેડ માટે
સહિ /-
વંદના આહુજા
કંપની સચિવ અને પાલન અધિકારી

તારીખ: 9 ઓગસ્ટ, 2021
સ્થળ: મુંબઈ



વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**